# ૩૦. સરગવો

ફળાઉ ઝાડની બાગાયતમાં સરગવાની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. સરગવો ઝડપથી વિકસતું વૃક્ષ છે. તેના મૂળ મારફત પર્યાપ્ત માત્રામાં નાઈટ્રોજન પાડોશી ફળદાયી વૃક્ષોને મળે છે. સરગવો મુખ્યત્વે લગાવેલા ફળ વાળા ઝાડને જરૂરી છાયા પ્રદાન કરે છે અને પવન પણ રોકે છે.

સરગવાનાં કોમળ લીલા પાન તેમજ સફેદ ફુલોનું શાક બને છે જે ખૂબ જ પૌષ્ટિક હોય છે. પાલતું પશુઓને તેના પાંન ખવડાવવામાં આવે છે. દુધાળા પ્રાણીઓનું દૂધ વધારે છે. ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં તેના પર ફુલ આવે છે અને એપ્રિલ - મે (ચૈત્ર -વૈશાખ) મહિનામાં તેનાં પર શીંગ લાગે છે. સરગવાની શીંગ વિટામીનનો ભંડાર છે. શીંગની લંબાઈ બે થી અઢી ફુટની હોય છે. તેમાં માવો ભરેલ હોય છે. શીંગનો રંગ લીલો હોય છે અને તેમાં તામ્રરંગી આભા હોય છે. વર્ષમાં બે વાર તેનું ઉત્પાદન મળે છે જેમાં શરૂઆતથી જ આપણને પ્રતિ એકર રૂ. ૧૦૦૦૦ થી ૫૦૦૦૦ સુધીનું ઉત્પાદન મુલ્ય મળે છે. એકવાર એને લગાડવાથી ત્રણ થી ચાર વર્ષ સુધી ઉત્પાદન મળતું રહે છે. મુખ્યત્વે વાવેતર કરેલા ફળના ઝાડની બાલ્યાવસ્થામાં જ આપણને પૈસા મળવાનું શરૂ થઈ જાય છે. સરગવાનાં વૃક્ષના મૂળમાંથી જે દ્રાવ્ય પ્રદાર્થનો સ્ત્રાવ થાય છે તેમાં કૃમિનાશકનો ગુણ હોય છે. સરગવાનાં પાંદડા, ડાળીઓ, છાલ અને બીજમાં પણ કૃમિનાશકનો ગુણ રહેલ છે. તેનાં પાંદડાનાં રસમાં સુક્ષ્મ જંતુનાશક તેમજ ફુગનાશકનો ગુણ પણ હોય છે. પાણીને શુદ્ધ કરવા સરગવાનાં બીજનો પાવડર અત્યંત ઉપયોગી સાબિત થયેલ છે. ગ્રામ્ય લોકો પાણીના શુદ્ધિકરણ માટે ફટકડીનો ઊપયોગ કરે છે. તેના ઊપયોગથી પાણીમાં હાજર રહેલા સુક્ષ્મજીવાણુઓ તો મરે છે પરંતુ ફટકડીમાં રહેલ એલ્યુમીનીયમ નામનો ઝેરી પદાર્થ આપણા સ્વાસ્થ્ય પર હાનીકારક અસર કરે છે. શહેરો અને મહાનગરોમાં પાણીને શુદ્ધ કરવા માટે બ્લીચીંગ પાઉડરનો ઊપયોગ કરવામાં આવે છે. પરંતુ આ રીતે શુદ્ધ કરવામાં આવે પાણીના ઉપયોગથી આંતરડા પર ખરાબ અસર પડે છે. આ પરીસ્થિતિમાં સરગવાના બીજનો પાવડર નુકશાન રહિત ઉતમ જલશોધક છે.

### આ માટે તમારે શું કરવાનું છે ?

સરગવાનાં વૃક્ષની સુકાયેલા શીંગો તોડી, બીજ બહાર કાઢી લો. બીજની છાલ

કાઢી અને અંદરના ગરીભને તડકામાં સુકવી લો અને તેનો ભૂકો બનાવો. ૧૦ લીટર દૂષિત પાણીમાં ૨ ગ્રામ ચૂર્ણ નાખીને સારી રીતે હલાવી લો. એક થી બે કલાકમાં પાણી શુદ્ધ થઈ જશે. તમે આ ચૂર્ણનાં ૧૦૦ ગ્રામ, ૨૦૦ ગ્રામ અથવા ૫૦૦ ગ્રામનાં પડીકા બનાવીને વેચી પણ શકો છો. આનાથી તમારી આવક વધશે અને લોકોની સેવા પણ થઈ જશે. સરગવાનું શાક પચવામાંમાં હળવું, અગ્નિવર્ધક હોવાથી ભૂખ વધારનાર, ધાતુને પુષ્ટ કરનાર, હૃદયને મજબુત બનાવનાર એક દિવ્ય ઔષધીય ગુણ પણ છે. આયુર્વેદિક ગ્રંથોમાં તેના ગુણોનું સવિસ્તાર વર્ણન કરવામાં આવ્યું છે.

## અભિવૃદ્ધિ

સરગવાનો છોડ બીજ વાવીને અથવા વૃક્ષની ડાળી કાપી અને તેને લગાવીને તૈયાર કરી શકાય છે. ડાળી ૩ ફુટ લાંબી અને ૫ થી ૬ સેમી પહોળી હોવી જોઈએ. બીજને ચોકકસ જગ્યાએ બીજામૃત સંસ્કાર કરીને લગાવો. રોપણી પહેલા ૨૪ કલાક માટે બીજને બીજામૃતમાં પલાળી રાખો. બે હરોળનું અંતર ૬ થી ૧૨ ફુટ રાખવું. આ અંતર ફળઝાડ વૃક્ષ અથવા આંતરપાક ઉપર આધાર રાખે છે.

સરગવાના વૃક્ષ પર શાખાઓ સતત વધતી જાય છે. જ્યાં સુધી સરગવાનું વૃક્ષ, મુખ્ય ફળઝાડની ઉપર ૨ ફુટ સુધી ન પહોચે ત્યાં સુધી તેની ડાળીઓ તોડતા રહો. જ્યારે તે નિશ્ચિત ઊંચાઈએ પહોચી જાય પછી તેને ઉપર ફેલાવા દો. આ પ્રકારે આ વૃક્ષ મુખ્ય ફળઝાડને છાયો આપશે. તોડેલી ડાળીઓનો ઊપયોગ આચ્છાદન માટે કરો.



## સરગવાનો બહુમૂલ્ય ફાયદો

